## આવતીકાલનો ઉજાસ



પૂજા ડી લિંબાચીયા
ધોરણ-૭
એમ બી પટેલ ગર્લ્સ
પ્રાઈમરી સ્કૂલ

અભ્યાસની સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિશેષ રસ ધરાવતી પૂજા મધુર કંઠ ધરાવે છે. ગાયન સ્પર્ધામાં તે હંમેશા મોખરે રહે છે. સ્ટાર ઑફ એલજી ગાયન સ્પર્ધામાં તૃતિય ક્રમ પ્રાપ્ત કરી તેણે શાળાને ગૌરવ અપાવ્યું છે.

ભવિષ્યમાં આઈએઍસ અધિકારી બની રાષ્ટ્ર સેવા કરવાની મહત્ત્વાકાંક્ષા તેના મનમાં છે.



ઈગલ ન્યૂઝ દ્વારા ચાલી રહેલા સમર વર્કશૉપને બાળકો, કિશોરોનો સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. સૌ શિબિરાર્થીઓ રસપૂર્વક વિવિધ કલા વિષયક તાલીમમાં ભાગ લઈ રહ્યા છે.

# એક સાથે પાટનગરની ૪ શાળાઓ બંધ થતાં શિક્ષણ અધિકારનો ભંગ !!

ગાંધીનગર, તા. ૨૨

શિક્ષણનો અધિકાર બાળકનો મૂળભૂત અધિકાર છે. બંધારણની કલમ-૨૧ મુજબ, બાળકને ગૌરવવંતુ જીવન જીવવા માટે, અન્ય મૂળભૂત જરૂરીયાતોની સાથે શિક્ષણ પણ મળવું જોઈએ. તેના માટે સરકારે જરૂરી ધોરણો નક્કી કરી ગરીબમાં ગરીબ બાળકને શિક્ષણ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.સરકારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ લાગુ કર્યો છે ત્યારે ગાંધીનગર જેવા પાટનગરમાં એક સાથે ચાર શાળાઓ મર્જ કરવામાં આવી રહી છે તે શું યોગ્ય છે ? ગરીબ અને મધ્યમવર્ગના બાળકોનું શું...?

પાર્લામેન્ટે શિક્ષણને ફરજીયાત અને સાર્વત્રિત કરતો કાયદો વર્ષ-૨૦૦૯ માં અમલમાં મૂક્યો. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના કાયદાથી શિક્ષણમાં ઘણો સુધારો થયો. તેમ છતાં કેટલીક શાળાઓમાં તેનો યથાયોગ્ય અમલ થતો નથી કે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સવલતો આપતા નથી તેનું ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરે જણાવ્યું છે. ૨૫ ટકા આર્થિક અને સામાજિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને સરકારી અનુદાન મેળવતી ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાવવા માટે 'ખાસ પ્રવેશોત્સવ' ગોઠવવો જોઈએ. જે શાળા કાયદાનો અમલ ન કરે તેની માન્યતા રદ કરવી, સરકારી ગ્રાન્ટ મેળવતી હોય તો ગ્રાન્ટ બંધ કરવી જોઈએ. વધુમાં સરકારે એક્ટની જોગવાઈ મુજબ, નેબર હૂડસ્કૂલ્સ, શિક્ષક-વિદ્યાર્થીઓનું પ્રમાણ વગેરે તથા અન્ય આનુસંગિત બાબતો, શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં પુરી કરી દેવી જોઈએ, કે જેથી ગુણવત્તાસભર શિક્ષણ બાળકને મળે. સાર્વજનિક પ્રાથમિક શિક્ષણ ફરજીયાતના કાયદા અન્વયે રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ પરિષદની રચના અન્ય રાજ્યોમાં કરવામાં આવી છે. પરંતુ ગુજરાત સરકાર તરફથી આ બાબતે ઉદાસીનતા સેવીને, આવી પરિષદની રચના કરવામાં આવી નથી. આથી તેની રચના કરી, જરૂરી બજેટની જોગવાઈ કરવી જોઈએ.

ગાંધીનગરની ચાર માધ્યમિક શાળાઓ મર્જ કરીને, અન્ય શાળાઓ સાથે તેનું જોડાણ કરવામાં આવ્યું છે, જેનો ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરે સખત વિરોધ નોંધાવ્યો છે. શાળાઓ મર્જ કરતા ગરીબ અને પડોશમાં વસતા બાળકોનો શૈક્ષણિક વિકાસ અટકશે. સરકારે માત્ર નાણાંકીય પાસુ વિચારીને ચાર શાળાઓ મર્જ કરવાનો નિર્ણય લીધો છે તેની સામે ગરીબ અને મધ્યમ વર્ગના, શાળાની આસપાસના વિસ્તારમાં રહીને ભણતા વિદ્યાર્થીઓનો જરાય વિચાર કર્યો નથી. સામાજિક અને શૈક્ષણિક પરિપ્રેક્ષમાં આ વિચાર કરવો જરૂરી છે. ફરજીયાત અને સાર્વત્રિક શિક્ષણની આપણે વાત કરતા હોઈએ ત્યારે પાટનગર જેવા સીટીમાં જ એક સાથે ચાર શાળાઓ મર્જ કરવામાં આવે તે કેટલા અંશે યોગ્ય ગણાય..!!!

## સ્વ. ભોળાભાઈની શ્રદ્ધાંજલી સભા આજે

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય સાહિત્યના મર્મજ્ઞ અભ્યાસુ પદ્મશ્રી ભોળાભાઈ પટેલને શ્રદ્ધાંજલી અર્પવા માટે એક સભાનું આયોજન બુધવારે ગુજરાતી સાહિત્ય પરિષદના હૉલ ખાતે સાંજે ૫.૧૫ કલાકે કરવામાં આવ્યું છે.

# ગાંધીનગરની બીબીએ કૉલેજમાં ચાલી રહેલા વર્કશૉપને મળતો અદ્ભૂત પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન-બી.બી.એ. કોલેજ દ્વારા સમર કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બહોળા પ્રમાણમાં વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે અને પોતાને કારકિર્દી અંગેના મુઝવતા પ્રશ્નો તેમજ સમય વર્કશોપ અંગેના પ્રતિભાવો આપી દશ્ય અને શ્રાવ્ય માધ્યમોથી તાલીમ મેળવી રહ્યા છે. છ દિવસનો આ સમર વર્કશોપ ૨૪મી મે-૨૦૧૨ સુધી કાર્યરત રહેશે. આ દરમિયાન દરેક વર્ગના વિદ્યાર્થીઓ તેમાં જોડાઈ રહ્યા છે. અને વર્કશોપનો લાભ લઈ રહ્યા છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગર દ્વારા આયોજીત સમર વર્કશોપનો બહોળા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ફાયદો લઈ રહ્યા છે. ધો. ૧૨ની પીક્ષા આપેલા વિદ્યાર્થીઓ માટે આયોજીત આ છ દિવસીય નિઃશુલ્ક વર્કશોપ ૨૪મી મે-૨૦૧૨ સુધી ચાલશે. આ વર્કશોપમાં જોડાનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

વર્કશોપનાં ચાર દિવસો દરમ્યાન આયોજક સંસ્થા સંલગ્ન શાળાના વિદ્યાર્થીઓ તેમજ અન્ય શાળાનાં વિદ્યાર્થીઓએ જીવન તેમજ કારકિર્દી અંગેનાં પોતાનાં મંતવ્યો રજુ કર્યા હતા. વિદ્યાર્થીઓએ વર્કશોપ તથા ટ્રેઈનર્સ અંગે ખુબ હકારાત્મક પ્રતિભાવો રજુ કર્યા હતા. તેઓએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાઓને છાજે તેવી પ્રવૃત્તિઓથી વર્કશોપનાં વાતાવરણને જીવંત બનાવી દીધું હતું. કારકિર્દી તથા રોજગારલક્ષી વિવિધ વિષયો પર તજજ્ઞો દ્વારા દશ્ય-શ્રાવ્ય માધ્યમોથી તાલીમ આપવામાં આવી રહી છે. ગાંધીનગરના સેક્ટર-૨૩, ઘ-૬ સર્કલ પાસે આવેલી આ સંસ્થા તરફથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને બી.બી.એ. કોર્સ, કોલેજ તથા વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવા કોલેજની મુલાકાત લેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે. કોલેજની બેવસાઈટ www.bpcba.org છે. તદઉપરાંત ફોન નં. ૨૩૨-૪૫૭૩૫ પર સંપર્ક કરી માહિતી મેળવવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે.



હેત ફાઉન્ડેશન દ્વારા મેન્ટલી ચેલેન્જડ બાળકો માટે યોજાયેલ સમર ફન વર્કશોપના અંતે તાલીમબધ્ધ બાળકોએ વિવિધ કલાત્મક ચીજવસ્તુઓનું નિર્માણ કર્યું હતું. આર્ટ-ક્રાફટના આ નમૂનાઓને અનુલક્ષી યોજાયેલા પ્રદર્શનની મુલાકાત લઈ નગરજનો દંગ રહી ગયા હતા. સંસ્થાના પ્રમુખ મીરા ગઢવીએ પણ બાળકોના કલાત્મક અંદાજને બિરદાવ્યો હતો.



મેરા યાર આઈપીએલ જીતેગા : ગાંધીનગરના જાણીતા યુવા ક્રિકેટર દલબિરસીંગ ઉર્ફે બંટીએ પોતાના સ્નેહી મિત્ર અને ભારતીય ક્રિકેટ ટીમના અમર ખેલાડી સચિન તેંદુલકરને આઈપીએલ જીતવા માટે શુભકામનાઓ પાઠવી છે. બંટીના માતુશ્રીએ પણ સચિનને વિજય માટે આશિષ પાઠવ્યા છે.

# અમદાવાદ ખાતે દલિત સાહિત્ય પુસ્તક મેળો

ગાંધીનગર, તા. ૨૨

લોકસેવક ખેમચંદભાઈ ચાવડા ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના સહયોગથી ગુજરાતના દલિત સાહિત્યકારોનાં સાહિત્ય સર્જનનો લાભ જનતા લઈ શકે તે હેતુથી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં દલિત સાહિત્યના પુસ્તક મેળાનું આયોજન બે દિવસ માટે પ્રથમવાર થયું છે.

આ વિશિષ્ટ પુસ્તક મેળાનો પ્રારંભ ગુજરાતના પીઢ પત્રકાર પ્રકાશ ન શાહના વરદ્ હસ્તે થશે. અતિથિ વિશેષ તરીકે જાણીતા સાહિત્યકાર ડૉ. હરીશ મંગલમ્ અને ચંદુભાઈ મહેરિયા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાત યુનિવર્સિટીના સમાજ શાસ્ત્ર વિભાગના અધ્યક્ષ મનુભાઈ મકવાણા ઉપસ્થિત રહેશે.

શિવશક્તિ માધ્યમિક શાળા, સ્નેહ પ્લાઝા પાસે, ચાંદખેડા, અમદાવાદ ખાતે આ પુસ્તક મેળો તા. ૨૬ અને ૨૭ મે ના દિવસોએ સવારે ૧૦થી ૮ દરમ્યાન જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

## ગાંધીનગર સાહિત્યસભા ભોળાભાઈ પટેલને અંજલિ આપે છે

ગાંધીનગર, તા. ૨૨

અક્ષરના આજીવન આરાધક, મૂર્ધન્ય સાહિત્યકાર, ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ. પદ્મશ્રી ભોળાભાઈ પટેલનું નિધન થતાં ગુજરાતના સાહિત્ય જગતને મોટી ખોટ પડી છે. સ્વ. ભોળાભાઈ પટેલ ૧૫૦ પુસ્તકોથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. તેઓ આજીવન શબ્દ આરાધક- ઉપાસક રહ્યા છે. સ્વ. ભોળાભાઈ પટેલના પરલોક ગમનથી ગાંધીનગર સાહિત્યસભા અત્યંત ઊંડા દુઃખની અને આઘાત અનુભવે છે. ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખશ્રી દોલતભાઈ ભટ્ટ ઉપ-પ્રમુખશ્રી ભરતભાઈ કવિ, અને મંત્રીશ્રી નટવર હેડાઉએ શ્રદ્ધાંજલિ પાઠવી છે.

## ગાંધીનગર કલ્ચરલ ફૉરમ દ્વારા સ્વ. ભોળાભાઈ પટેલને હૃદયાંજલી

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય સાહિત્યના મર્મજ્ઞ અભ્યાસુ અને ગાંધીનગર જિલ્લાના વતની એવા પદ્મશ્રી ભોળાભાઈ પટેલના નિધનથી ગાંધીનગર કલ્ચરલ ફૉરમે શોકની લાગણી પ્રગટ કરી છે અને આ દિવંગત સાહિત્યકાર પ્રત્યે હૃદયાંજલી પ્રગટ કરી છે. ગાંધીનગરમાં સાહિત્ય પરિષદના અધિવેશન તથા કલ્ચરલ ફૉરમ દ્વારા આયોજિત સાહિત્ય પર્વ દરમ્યાન હંમેશા તેઓનો ઉષ્માભર્યો સહયોગ અને માર્ગદર્શન મળ્યું છે એ વાતને સંભારતા કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને મંત્રી પ્રકાશ લાલાએ સ્વ. ભોળાભાઈ પટેલને હૃદયાંજલી અર્પણ કરી છે.

# પશુનો ચારો માનવી ચરી જાય એમાં શું નવાઈ ?

## જાને ભી દો યારોં

\- અનંતરાય ન વ્યાસ

બિહારનું ઘાસચારા પ્રકરણ પાછું ઉછળ્યું લાગે છે. પશુનો ચારો માનવી ચરી જાય તે નવાઈ જેવું. પણ મને તો આમાં નવાઈ પામવા જેવું કશું નથી લાગતું. બંને સજીવો છે અને માણસ પણ આમ તો પ્રાણી જ ગણાય ને ? એક ખરેખર નવાઈભરી વાત આપને કહું. એક ઘટના જૂનાગઢમાં બનેલી. એ જમાનામાં થાણદારોને ગામડાની મુલાકાત લેવા વાહનમાં ઘોડા અપાતા. ગામના થાણદારે ઘોડી લેવા મંજૂરી માગી. મંજૂરી મળતાં ઘોડી ખરીદાઈ. પછી તો આ નવાબી ઘોડી એ કંઈ સાદું ઘાસ ન ખાય. ચણા ને રઝકો મંડી ઝાપટવા. દર મહિને ઘોડીના નિભાવ તથા સરભરાના બિલ બનવા માંડ્યાં. લગભગ સાત-આઠ વર્ષ વીતી ગયા. અચાનક એક વખત ખુદ નવાબ ગામની મુલાકાતે આવ્યા. વાતવાતમાં પૂછ્યું, 'જરા ઘોડી તો દેખાડો, કેવી છે ?'

ને કારકુને ડેડ સ્ટૉક રૂમમાંથી લાવી ઘોડી નવાબ સામે રજૂ કરી દીધી. ત્રણ પાયાવાળી લાકડાની ઘોડી, નંબર લખેલી - પાણીનું માટલું મૂકવા કામ આવે તે.

આ લાકડાની ઘોડી એ જમાનામાં હજાર રૂપિયાના ચણા ને રઝકો ખાઈ ગઈ. પણ જૂનાગઢ રાજ્યમાં ન મળે સીબીઆઈ. હા, દિવાન જરા ઊંચા-નીચા થયા પણ નવા તો હસી પડ્યા, 'વાહ ! કહેવું પડે ! આ લાકડાની ઘોડી ઘાસ ખાતી રહી ! સાત વર્ષ સુધી ! દિવાનજી, આમને ઈનામ આપો. આમણે તો જાદુ કર્યો. લાકડાની ઘોડીને ખાસ ખવડાવ્યું.' દિવાને ઘણા હાથ ઘસ્યા. પણ એનું કંઈ વળ્યું નહીં. નવાબ એક જ વાતે વળગી રહ્યા, 'અમારા આદમી ગલત કરે જ નહીં.'

હવે તમે જ કહો, આ ઘાસચારા પ્રકરણમાં બિહારી ભાઈઓનો કોઈ વાંક-ગુનો ખરો ? આપણા રાજ્યકર્તા પણ નવાબ સાહેબની જેમ તાજ્જુબ થઈ તાળીઓ પાડે જ છે ને ! હવે માત્ર ઈનામની જાહેરાત બાકી છે. અને ચૂંટણી આવશે એ પહેલાં એની જાણ પણ થઈ જશે... શ્રી...નો મંત્રીમંડળમાં સમાવેશ....!

પણ આવું કંઈ નવાબી રાજ્યમાં જ બનતું તેવું નહીં. અમારા ભાવનગર રાજ્યમાં પણ એક સામાન્ય વ્યક્તિના પનોતા પુત્રે બિહારી બાબુઓને પણ માર્ગદર્શન પૂરું પાડે દેવો કિમિયો કરેલો. વાત એમ બનેલી કે એ સમયે સૌરાષ્ટ્રમાં કૉલેજ ઓછી હતી. ગામના રમુકાકાએ દીકરા દલસુખને વડોદરા ભણવા મોકલ્યો. થોડા દિવસ પછી તેનો પત્ર આવ્યો, 'બાપા, અમારા પ્રૉફેસર કહે છે લૉગ ટેબલ લઈ લેજો., તેની જરૂર પડશે. તો રૂપિયા બસ્સો મોકલજો.' હવે રમુકાકા બિચારાને શી ખબર કે આ લૉગ ટેબલ કેવું હોય. પૈસા તો મોકલ્યા. પછી કોઈ જાણકારને પૂછ્યું તો ખબર પડી. લૉગ ટેબલ એટલે લૉગોરીઝમ ટેબલ્સ - સાયન્સના વિદ્યાર્થીઓ માટે ગુણાકાર-ભાગાકાર માટેની નાનકડી પુસ્તિકા. જેની કિંમત માંડ પચ્ચાસ પૈસા. પણ દલસુખે તો બસ્સો રૂપિયા લીધા. આ તો ભાઈ એવું છે કે સરકારી બાબુઓને ક્યાં કોઈ ચીજ બજાર ભાવે મળે છે. બિચારા વારંવાર ટેન્ડર બહાર પાડે. પણ ભાવ ઊંચા જ ભરાઈને આવે. હવે જો દલસુખ પચ્ચાસ પૈસાના બસ્સો રૂપિયા બનાવે તોત પછી કોઈ હજારોના કરોડો કરે... તેમાં ફરક શું પડે ? અને આમેય ક્યાં કોઈ એકલા ખાય છે ! આ તો સરકારી મહેફિલ...

દલસુખના ટેબલની પ્રેરણા પણ એક રાજ્યના કર્તા કારવતાઓએ લીધી ખરી. રાજ્યના શિક્ષણ વિભાગે ગામડાની પ્રાથમિક શાળામાં ફર્નીચર પૂરું પાડવાનું નક્કી કર્યું. માલ-સામાન સાથે કામ કરવાનાં ટેન્ડર બહાર પડ્યા. ફાઈલ તૈયાર થઈ. ટેબલ્સ બની ગયા ને ગામડામાં જે તે શાળામાં પહોંચાડી દેવામાં આવ્યા. ટેબલ્સ મળ્યાની પહોંચો પણ સહી-સિક્કા સાથે તૈયાર. ન કશી ગરબડ, ન કંઈ શંકાસ્પદ. અને છતાં ઑડિટરને શંકા પડી તે પડી. 'આ એક ઓરડાની શાળા, તેમાં આટલા ટેબલ્સ ? ક્યાં મૂકશે ?'

ને પછી તપાસ શરૂ થઈ. તો ખબર પડી કે ટેબલ્સ તો મળ્યા છે, પણ ફર્નીચરના-લાકડાના નહીં. આ તો ટાઈમ ટેબલ - વિદ્યાર્થીના તાસ લખવા માટેના ટેબલ, છાપેલા. રૂપિયામાં પાંચ કૉપી મળે તેવા. પણ તેનો ખર્ચ ? જવા દો યાર... ગામડાની પ્રાથમિક શાળામાં ટેબલ્સ તો પૂરા પડ્યા ને ? બીજા કોઈ રાજ્યે આવી હિંમત બતાવી છે ખરી ?

ઘોડી કે ટેબલ્સનો અર્થ બદલાઈ જાય તેમ બોલાયેલા શબ્દો પણ જૂદો જ અર્થ અભિવ્યક્ત કરે ખરા. જેમકે મુખ્યમંત્રીએ ગુડાના ચૅરમેનને કહેલું, 'સરકારે બજેટ મંજૂર કરી દીધું છે, હવે લહેર કરો.' આ 'લહેર કરો' શબ્દને કેવું પ્રૉજેક્શન મળ્યું ? લોકોના અવળચંડા મને કેવો અર્થ તારવ્યો ! અરે ભાઈ, આ ગુજરાત છે, બિહાર નથી... ને સાઈકલને બદલે સાઈકલનાં ચિત્ર આપવાની હિંમત પણ નથી. બાકી સૌરાષ્ટ્ર-ગુજરાતના ખાવા-ખવરાવવાની ભાવના વખણાય છે ખરી. અને કહેવત છે, 'જે ખાય તે ખવરાવી શકે.' પણ આપણા મુખ્યમંત્રીશ્રી ન ખાય કે ન ખાવા દે. ઘણા કપાળ પર હાથ ફેરવી નિઃસાસા નાખે છે. પણ શું થાય ? અહીં તો માંડ બે-ચાર ખટારા ઘઉં વેચાય કે પાઠ્ય પુસ્તકોના ખટારા પસ્તીવાળાને ત્યાં પહોંચે એટલું જ. એમાં પેલા સુખરામ કે કલમાડીજીની જેમ કરોડોની વાત તો ન જ થાય.

આપણું એક દુખ છે. આપણે ઈતિહાસ પાસેથી કંઈ શીખતા નથી. પેલા વસ્તુપાળે ધડ દઈને કહી દીધું, 'જો મેં સીદીકના ઘરની ધૂળ સિવાય કંઈ લીધું હોય તો.' એમ કલમાડી કે એ રાજા પણ કહી શક્યા હોત, 'અમે તો ત્રણ-ચાર ઈંચના કાગળના ટૂકડા સિવાય કંઈ લીધું હોય તો ભગવાન અમને પૂછે.'

આમાં રાષ્ટ્રને થયેલા નુકસાન કરતાં પણ વધારે નુકસાન બાળકોને થયું છે. તમને થશે, કેમ એમ ? હમણાં એક રમૂજ વાંચેલી. બાળકે મમ્મીને કહ્યું, 'મમ્મી વાર્તા કહે.' મમ્મીને તો જૂની વાર્તા યાદ. તે કહેવા લાગી. 'જો બેટા. એક હતો રાજા. એ રાજાએ...' 'બસ મમ્મી...' બાળક વચ્ચે બોલી ઊઠ્યો, 'એ રાજાની બધી વાતો છાપામાં આવી ગઈ છે. એની મને ખબર છે.'

ને આમ એ રાજાએ બાળકો પાસેથી રાજાઓની વાર્તા ચોરીલીધી. બાળવાર્તાઓમાંથી રાજા ગયા. હવે કોની વાર્તા કહીશું ?

ને હા, વાત છે ખાવા-ખવરાવવાની, તો પેલો દુહો જરા ફેર સાથે યાદ કરીએ -

એ ખવરાવે ને ખાય, મનડું મોટું રાખી,

તેને સરકાર કહેવાય, ન કોઈ સાચું ભણે !



## ઉઘડતે પડદે

\- કુંતલ નિમાવત



# તારોં મેં સજકે અપને સુરજ સે દેખો ધરતી ચલી મિલને

'હમે તુમસે પ્યાર કિતના યે હમ નહીં જાનતે, મગર જી નહીં સકતે તુમ્હારે બિના...', 'રાત અકેલી હૈ, બૂઝ ગયે દિયે...', 'ઝુમકા ગીરા રે, બરેલી કે બાઝાર મેં...' જેવાં હિન્દી ફિલ્મોનાં ૩૬ અમર ગીતો અને અન્ય છ ગીતોના મુખ્ય અંશો ઉપરાંત એક પ્રાર્થનાની પ્રસ્તુતિ રવિવારે એક જ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના કલારસિકોને માણવા મળી હતી અને એ કારણે આ કાર્યક્રમ યાદગાર બની રહ્યો હતો.

કાર્યક્રમ હતો સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા, ગાંધીનગર પ્રસ્તુત મુખ્તાર શાહ નાઈટનો. જેમાં ગોલ્ડન વૉઈસ ઑફ મુકેશ મુખ્તાર શાહ ઉપરાંત મૃદુલા દેસાઈ (મુંબઈ), સંગીતા મૅલેકર (મુંબઈ), નિલીમા ગોખલે (મુંબઈ), દિપેશ ભટ્ટ, અવાજના જાદુગર રાજેશ પરીખ દ્વારા ગીતોની અને પ્રભાકર નાયક દ્વારા વેશભૂષા અને ડાન્સની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે કાર્યક્રમ અંતર્ગત હિન્દી ફિલ્મ જગતના જાણીતા દિગ્ગજ પાર્શ્વગાયકોની જાણીતી કૃતિઓને રજૂ કરવામાં આવી હતી. મુકેશ ઉપરાંત, શમશાદ બેગમ, નૂરજહાં, લતા મંગેશકર, આશા ભોંસલે, શારદા, કુંદનલાલ સાયગલથી માંડીને કૈલાસ ખૅર, કિશોરકુમાર, મહંમદ રફી અને મન્ના ડેની યાદગાર કૃતિઓ આ કાર્યક્રમમાં પ્રસ્તુત થઈ હતી, જેને પ્રેક્ષકોએ મન ભરીને માણી હતી.

મુંબઈના ખ્યાતનામ વાયોલિન વાદકો સાથેનું પરેશ કડિયાનું જમ્બો ઑરકેસ્ટ્રા એ પણ કાર્યક્રમનું ખાસ આકર્ષણ હતું. કાર્યક્રમનું પ્રભાવી સંચાલન અનુભવી ઉદ્ઘોષક જયશ્રી નાઈક દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને માણવા માટે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા, ગાંધીનગરના મોટાભાગના સભ્ય પરિવારો આવ્યા હોવાથી ટાઉન હૉલ ખચોખચ ભરાઈ ચૂક્યો હતો. અને એ કારણે કલાકારોને પ્રતિસાદ પણ ખૂબ સારો મળ્યો હતો.

એક પછી એક ૩૫ સુમધુર ગીતોની રજૂઆત પછીય પ્રેક્ષકોનો રસ અકબંધ રહેતાં 'ઝરોખા' અંતર્ગત છ ગીતોના મુખ્ય અંશો રજૂ કરવામાં આવ્યા હતા, જે પણ ખૂબ પ્રશસ્તિ પામ્યા હતા. અંતે સમગ્ર ટીમ દ્વારા રાજ કપૂરની જાણીતી ફિલ્મ મેરા નામ જોકરની અમર કૃતિ 'જીના યહાં, મરના યહાં, ઈસકે સિવા જાના કહાં...'ની રજૂઆત સાથે કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો હતો. તેમ છતાં પ્રેક્ષકો તો જાણે ઊઠવા તૈયાર જ ન હતા. સાડા ત્રણ કલાકનો કાર્યક્રમ પણ પ્રેક્ષકોને હજુ અધૂરો જ લાગતો હતો એવો સફળ આ કાર્યક્રમ રહ્યો હતો.

સરવાળે, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના અમર અથવા તો ઑલ ટાઈમ હીટ કાર્યક્રમોની યાદીમાં આ કાર્યક્રમે પોતાનું નામ નોંધાવી દીધું હતું.

### કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તુત કરવામાં આવેલાં અમર ગીતો

*હમેં તુમસે પ્યાર કિતના, યે હમ નહીં જાનતે...*
*રાત અકેલી હૈ, બૂઝ ગયે દીયે...*
*ઝુમકા ગીરા રે બરેલી કે બાઝાર મેં...*
*કભી આર કભી પાર લાગા તીરે નઝર...*
*જવાં હૈ મુહબ્બત, હસીં હૈ ઝમાના...*
*હોઠોં પે સચ્ચાઈ રહેતી હૈ, જહાં દિલ મેં સફાઈ...*
*જો તુમ કો હો પસંદ વોહી બાત કરેંગે....*
*મેરા જૂતા હૈ જાપાની, યે પતલૂન ઈંગ્લિશતાની...*
*તારોં મેં સજકે, અપને સુરજસે, દેખો ધરતી ચલી...*
*કજરા મુહબ્બતવાલા, અખિયોં મેં ઐસા ડાલા...*
*૧-૨-૩, આજા મૌસમ હૈ રંગીન...*
*લાગા ચુનરી મેં દાગ, છુપાઉં કૈસે...*
*ગાતા રહે મેરા દિલ, તુ હી મેરી મંઝીલ...*
*દુનિયા કી સૈર કર લો, ઈન્સાં કે દોસ્ત બનકર...*
*મૈં ના ભૂલુંગા, ઈન કસમોં કો, ઈન રસમોં કો...*
*ચલ અકેલા, ચલ અકેલા, તેરા મેલા પીછે છૂટા...*
*તેરી મહેફિલ મેં કિસ્મત આઝમા કર...*
*એ ભાઈ, ઝરા દેખ કે ચલો...*
*હસતા હુઆ નુરાની ચહેરા...*
*હુ તુ તુ તુ તુ તુ, આવી રમતની ઋતુ...*
*બોલ મેરી તકદીર મેં ક્યા હૈ, મેરે હમસફર...*
*હમસફર મેરે હમસફર, પંખ તુમ પરવાઝ હમ...*
*સૈંયા દિલ મેં આના રે, આકે ફિર ના જાના રે...*
*મસ્ત કલંદર...*
*તુમ જો મિલ ગયે હો, તો યે લગતા હૈ...*
*જાને કહાં ગયે વો દિન...*
*તુ છૂપી હૈ કહાં, મૈં તડપતા યહાં...*
*પંખીડાને આ પીંજરું, જૂનું જૂનું લાગે...*
*નજરનાં જામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે...*

**ઝરોખા અંતર્ગત...**

*ચાંદ સી મહેબૂબા હો મેરી...*
*તુમ અગર મુજકો ન ચાહો તો કોઈ બાત નહીં...*
*મુબારક હો સબ કો શમા યે સુહાના...*
*કિસી કી મુસ્કુરાહટોં પે હો નિસાર...*
*ઈક દિન બીક જાયેગા, માટી કે મોલ...*